# કરનાળીમાં વિકાસ કામોનું સંગીતા જેટલીના હસ્તે લોકાર્પણ કરાયું



ડભોઈ, ચાંદોદ, તા.૨૮

કેન્દ્રના નાણામંત્રી અરૂણ જેટલીજીના ધર્મપત્ની સંગીતાબેન જેટલી ચાંદોદ કરનાળી દત્તક ગામની મુલાકાત લઈ આદર્શ ગામ અંતર્ગત સમાવિષ્ટ વિકાસકામોના લોકાર્પણ તથા લાભાર્થીઓને કીટ સહાયનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે ચાંદોદ કરનાળીને સાંસદ આદર્શ ગામ અંતર્ગત દત્તક લેવડાવવાની મહત્વની ભૂમિકા ભજવનાર એવા પરિન્દુ ભગત ઉર્ફે કાકુજી તેમના ધર્મ પત્ની રીટા પરિન્દુ ભગત સાથે સ્નેહીજનો અને ડભોઈના ધારાસભ્ય બાલકૃષ્ણ ઢોલાર ચાંદોદના સરપંચ રાજુ વસાવા કરનાળીના સરપંચ વિનોદ તડવી તાલુકા સદસ્ય મેહુલ માછી પંચાયત સદસ્યો તથા વિવિધ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.